૩૦મી જુલાઈથી ૮ ઓગષ્ટ દરમ્યાન સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે આગામી સપ્તાહથી સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાતમાં વરસાદની વકી છે.

વરસાદની પેટર્ન અંગે જોતાં આ વર્ષ ૧૯૮૨-૮૩ના ઋતુના હવામાન જેવું જણાય છે. તે વખતે ઋતુ પરિવર્તનને લીધે દક્ષિણભારત સહિત વિશ્વમાં અમેરીકા અને અન્ય દેશો દુકાળના દાવાનળમાં સપડાયા હતા. જો કે આ ચોમાસુ ગુજરાતમાં ૧૯૭૨નું અને ૧૯૮૫ થી ૮૬ના દુષ્કાળ જેવી સ્થિતિ ના રહે. જુલાઈના અંત ભાગમાં આ ચોમાસુ ફરીથી સક્રિય થતાં નોંધપાત્ર વરસાદ થાય એવા સંજોગો જણાય છે. ૧૯૮૩ના વર્ષમાં પણ ઓગષ્ટમાં અમદાવાદ, બનાસકાંઠા, વડોદરા, ભરૂચ અને મહેસાણાના ભાગોમાં અતિ ભારે વરસાદ નોંધાયેલો છે. આથી આ વર્ષ ખંડિય રહેવા છતાં રાજ્યના બધા ભાગોમાં વરસાદની સ્થિતિ અસમાન રહેવા છતાં પાછોતર વરસાદના કારણે નબળુ ચોમાસુ રહેશે નહિ. જુલાઈ તા. ૨૪ થી શુભ સમયવાહી પ્રવાહ સક્રિય થતાં દેશના પશ્ચિમ ભાગોમાં વરસાદ થાય. ગ્રહમાન પણ સાનુકૂળ રહે. હમણાં તા. ૨૪ અને ૨૫ જુલાઈ રાજ્યના ઘણા ભાગોમાં વરસાદી ઝાપટા થાય જ્યારે તા. ૨૭ સુધીમાં હળવાભારે ઝાપટા જણાય. તા. ૨૮ થી ૩૦માં મુંબઈ-મહારાષ્ટ્ર-ખાનદેશ અને રાજ્યના દક્ષિણ ભાગમાં વરસાદ જણાય જ્યારે જુલાઈ તા. ૩૦ થી ઓગષ્ટ તા. ૮ સુધીમાં કચ્છ સહિત સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાતના ઘણા ભાગો વરસાદથી તરબોળ રહે. બંગાળાના ઉપસાગરનું વહન ભારે વરસાદી ફરકડાથી મધ્ય.પ્રાંતથી ગુજરાત તરફ આવે તો સુરેન્દ્રનગર, મધ્ય સૌરાષ્ટ્રમાં પણ સારો વરસાદ થાય.

સેકટર-૬માં દબાણ હટાવવાના મામલે તંત્રની કામગીરીથી વસાહતીઓની નારાજગી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેકટર-૬ની સંઘર્ષ સમિતિની તાજેતરમાં દબાણ ખાતાની કામગીરી બાબતે એક બેઠક મળી હતી. જેમાં કડીયાનાકુ, ઝુંપડપટ્ટી અને શ્રમજીવીઓને હટાવવાની કાર્યવાહી અંતર્ગત સમીક્ષા કરવામાં આવી હતી. સેકટર-૬માં દબાણ ખાતાની કામગીરી લાગુ પડતી નથી કે તેમાં તેમની હિસ્સેદારી છે તેવું સૌ મનોમન વિચારી રહ્યા છે!!

ચંદ્રમૌલેશ્વર મહાદેવ સેકટર-૬ ખાતે યોજાયેલી બેઠકમાં દબાણખાતાની નાટકીય કામગીરીની આકરી ટીકા કરવામાં આવી હતી. વસાહતીઓ દ્વારા મેયર, કલેકટર, મંત્રીને રજૂઆત કરવામાં આવી છે છતાં તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે.

વારંવારની રજૂઆતો અને દબાણની બાબતને અખબારમાં લખવામાં આવી છતાં સેકટર-૬માં કડીયાનાકું ધમધમે છે. ગેરકાયદેસર લારી-ગલ્લા ત્યાં પડયા રહે છે. સેકટર-૬ના મેદાનમાં રેતી ભરેલા ટ્રેકટરો, છકડાઓ, છ જેસીબી જેવા ભારે વાહનોનો જમાવડો હજુ પણ યથાવત છે. આ બધું પોલીસ સ્ટેશનની પાછળ જ છે. છતાં કોઈના ધ્યાનમાં કેમ નથી આવતું! ટ્રાફિક પોલીસ કે દબાણ તંત્ર આ બાબાતે ચૂપ કેમ છે? આ વાસ્તવિકતા સામે કોઈનું દબાણ છે કે પછી સૌની હિસ્સેદારી છે!! સવારે ૭ કલાકે અને સાંજે ૭ કલાકે દબાણ વિસ્તારનું સાચું દૃશ્ય મળી શકે તેમ છે. તંત્ર જો આ સમયમાં પ્રામાણિકપણે હાજર રહે તો તે ચોકકસ કાર્યવાહી કરી શકશે તે નિર્વિવાદ સત્ય છે.

ચોમાસામાં સેકટર-૬માં સૌથી વધુ રોગચાળો ફેલાય છે. કારણ કે મોટા ભાગના વિસ્તારમાં સાફ સફાઈ, નિયમિત થતી નથી. વરસાદના પાણીનો નિકાલ સમસયર થતો નથી પરીણામે માખી-મચ્છરોનો ઉપદ્રવ વધી જાય છે. સેકટર-૬ના અમુક ઝૂંપડાવાસીઓને તો ચૂંટણી કાર્ડ પણ અપાયા છે તો કયા આધારે અપાયા છે તે તો દલાલો જાણે કે પછીઅધિકારીઓ..!!

સેકટર-૬ સંઘર્ષ સમિતિએ અને વસાહતીઓએ તંત્ર સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું છે કે, સેકટર-૬નાં દબાણ સંદર્ભ તંત્ર જાગ્રત થાય અને યોગ્ય કાર્યવાહી કરે તો વસાહતીઓને યોગ્ય ન્યાય મળી શકે.

આજે સે. ૨ ખાતે શ્રી હનુમાનજીની આરાધના યોજાશે

ગાંધીનગર તા. ૨૩

પાવન અને પવિત્ર શ્રાવણ માસમાં શ્રી રાજેન્દ્રભાઈ આર. પારેખ સામાજિક કાર્યકર પ્લોટ નં. ૯૭૧/૧, સેકટર-૨/સી, ખાતે તા. ૨૪ જુલાઈને રાત્રે ૮.૦૦ કલાકે હનુમાનજીની આરાધનાનો લ્હાવો મળે તે માટે જાણીતા કથાકાર શ્રી દિલીપ ભારતી ગૌસ્વામી અને બાલ કિંતનકાર હિરલ ગૌસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠનું આયોજન કરેલ છે. તો ભક્તોએ લાભ લેવા જણાવેલ છે.

પાણી પુરવઠા બોર્ડના કર્મચારીઓમાં આનંદ : ૫૦ ટકા મોંઘવારી ભથ્થું મળશે

ગાંધીનગર તા. ૨૩

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવેલ છે કે બોર્ડના કર્મચારીઓને ૫૦ ટકા મોંઘવારી ભથ્થું સરકારે જાહેર કરેલ હતું તે ૫૦ ટકા મોંઘવારી ભથ્થું ચુકવવામાં આવતું ન હતું. જેની મંડળ દ્વારા છેલ્લા ૪ વર્ષથી આકમક રજૂઆતો કરતાં મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોજમદારને ૫૦ ટકા મોંઘવારી ભથ્થું મંજૂર કરેલ હતું. જેથી વર્ષોથી અધિકારથી વંચિત રોજમદારોમાં આનંદની લાગણી ફેલાઈ છે. મંડળ સર્વનો આભાર માને છે. શ્રી પી.એમ. સુતરીયા પ્રમુખ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કર્મચારી /અધિકારી મંડળે જણાવ્યું છે.

વલ્લભધામ ખાતે સાવન ભાદોના મનોરથના ૨૮મીએ દર્શન થશે

ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપકમે તા. ૨૮મી જુલાઈને શનિવારના રોજ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, વલ્લભધામ, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે સાંજે ૬.૩૦ કલાકે સાવનભાદોના મનોરથમાં હિંડોળાના દર્શન થશે. વર્ષાઋતુના સુંદર વન્ય વાતાવરણમાં વરસતા વરસાદ, ગાજવીજ વીજળીના ચમકારા, કોયલ, મોર જેવા પંખીઓના સુંદર કલરવ વચ્ચે ઠાકોરજી હિંડોળે ઝૂલતા હશે.

લાયન્સ કલબ ઑફ ગાંધીનગર દ્વારા શહેરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. (તસવીર : દિપક જાની)

ગાંધીનગરમાં રેનબસેરા બાંધવા માટે રજૂઆત

ગાંધીનગર તા. ૨૩

ડેમોકેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરના પુમુખ ભાનુકાન્ત પરમાર, મહામંત્રી મુળજીભાઈ પરમાર એક સંયુકત યાદીમાં જણાવે છે કે, રેનબસેરાની યોજના ગુજરાત સરકારને રૂા. ૩૦૦ કરોડની રકમ વણવપરાયેલ રહેલ છે. તેને સપ્ત શબ્દોમાં નારાજગી વ્યકત કરેલ છે. અસંગઠિત શ્રમજીવીઓ જેવા કે બાંધકામ ક્ષેત્રના મજૂરો માટેની સામાજિક સલામતી કાયદા ૨૦૦૮ અન્વયે સેસની આવક રૂા. ૩૦૦ કરોડ વણ વપરાયેલી પડી રહી છે. બહારગામથી પેટીયું રળવા આવતા મજૂરોને આશરો મળે ફૂટપાથ પર ટાઢ, તડકો તથા વરસાદમાં ઉપર આભ અને નીચે જમીનના સહારે જીવન જીવતા મજૂરો ગાંધીનગરની સુંદરતાને ડાઘ સમાન હોઈ તાત્કાલિક રેન બસેરા બાંધવા જોઈએ.

આપશ્રી અંગે ડેમોકેટિક પીપલ્સ એસોસીએશન ગુજરાતના પ્રમુખ ભાનુકાન્ત પરમાર, મહામંત્રી મુળજીભાઈ પરમાર તથા અન્ય પદાધિકારીઓ સોમાભાઈ પરમાર, જે.સી. પરમાર, આત્માારામ પરમાર, વિરચંદભાઈ પરમારે સરકારમાં ઉગ્ર રજૂઆત કરેલ છે. તાત્કાલિક કાર્યવાહી કરવા જણાવેલ છે.

સુઘડ કેનાલમાં યુવાને મોતની છલાંગ લગાવી

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લાની સુઘડ કેનાલમાં આજે સવારે એક યુવાને કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી હતી. આ યુવાને કોઈ સામાજિક કારણોસર આત્મહત્યા કરી હોવાનુ પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. આ ઘટના અંગે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના અમીયાપુર અને સુઘડ ગામ વચ્ચે આવેલ કેનાલમાં આજે સવારે કેનાલના સિકયુરિટી ગાર્ડને એક યુવાનનો મૃતદેહ નજરે પડ્યો હતો જેથી તેણે આ અંગે અડાલજ પોલીસમાં જાણ કરી હતી. પોલીસે આ યુવાનના મૃતદેહને કેનાલ બહાર નીકાળી તપાસ કરતા આ યુવાન પાસે અપોલો હોસ્પિટલનું આઈકાર્ડ મળી આવ્યુ હતુ. જેની તપાસ કરતા યુવાનનું નામ સુરજ અનોખેલાલ વાલ્મીકી (ઉ.વ. ૨૫ હાલ રહે. ભાટ) ગામ તથા મૂળ રહે ઉત્તરપ્રદેશ) હોવાનું માલુમ પડ્યું હતું. આ યુવાન અપોલો, હોસ્પિટલમાં હાઉસ કિપર તરીકે નોકરી કરતો હતો. તેમજ યુવાને સામાજીક કારણોસર કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી હોવાનું પોલીસ પ્રાથમિક તપાસમાં જણાવ્યું હતુ. પોલીસે મૃતકના મૃતદેહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. આ ઘટના અંગે અડાલજ પોલીસમથકના જમાદાર હસમુખભાઈ અંબાલાલ અને રાઈટર લક્ષ્મણસિંહે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અખિલ ભારતીય અતિ પછાત જાતિ વિકાસ ફેડરેશનની બેઠક મળી

ગાંધીનગર, તા. ૨૩

અખિલ ભારતીય અતિ પછાત જાતિ વિકાસ ફેડરેશનની અગત્યની સભા તાજેતરમાં કોન્ફરન્સ હોલ એનેક્ષી, સરકીટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ ખાતે મળી હતી. જેમાં ફેડરેશનની રચનાને બહાલી આપી તેના રાષ્ટ્રીય અધ્યક્ષ તથા મહામંત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગુજરાતના અતિ પછાત જાતિઓનાં અગ્રણીઓ, જુદા જુદા જાતિ મંડળોના આગેવાનો, રાજકીય આગેવાનો, કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારનાં ઉચ્ચ અધિકારીઓ અખિલ ભારતીય અતિ પછાત જાતિ વિકાસ ફેડરેશનની સભામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ફેડરેશનનાં હોદેદારોની વરણી બાબતે ચર્ચા થતાં સર્વાનુમતે ફેડરેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ગુજરાત તૂરી સમાજ સેવા સંઘના પ્રમુખ આર.એમ. જાદવ અને ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજનાં પ્રમુખ બી.કે. શ્રીમાળીની રાષ્ટ્રીય મહામંત્રી તરીકે પસંદગી કરી હતી. સભામાં બેચરસ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડનાં ડિરેક્ટરો અરૂણકુમાર સાધુ, મેઘજીભાઈ વાંઝા, હંસાબેન શ્રીગોડ, રમેશભાઈ ચૌહાણ, અજીતભાઈ શાસ્ત્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સભાને સંબોધન કરી શુભેચ્છા પાઠવી સહકારની ખાતરી આપી હતી. સભાનું સંચાલન બી.કે. શ્રીમાળીએ કર્યું હતું અને આભાર વિધિ હંસાબેન શ્રીગોડે કરી હતી.

ગલુદણ ગામે પાંચ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૩

ડભોડા પોલીસ મથકની હદમાં આવેલ ગલુદણ પાટીયા પાસે ખુલ્લામાં ધમધમતા જુગાર ધામ પર ડભોડા પોલીસે બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા પાંચ જુગારીઓને રંગેહાથ ઝડપી તેમની પાસેથી કુલ ૧૬૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ વિરુધ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર તાલુકાના ડભોડા નજીક આવેલ ગલુદણ પાટીયા પાસે ખુલ્લામાં કેટલાક જુગારીયાઓ પોતાના સ્વાર્થ માટે હારજીતનો જુગાર રમી-રમાડી રહ્યા હોવાની બાતમી ડભોડા પોલીસ મથકના પી.એસ.આઈ. એચ.કે. સોલંકીને મળી હતી.

જે બાતમીના આધારે પી.એસ.આઈ.એ સ્ટાફના માણસોને સાથે રાખી બાતમી સ્થળે દરોડો પાડયો હતો અને રમી અને તીન પત્તીનો જુગાર રમતા અજીતસિંહ રામસિંહ ડોડીયા ઉ.વ. ૩૫, અશોકજી મંગાજી ઠાકોર ઉ.વ.૧૯, મહેશજી છનાજી ઠાકોર ઉ.વ.૧૯, સુરેશ સોમાભાઈ રાવલ ઉ.વ.૩૫ અને બાબુભાઈ સોમાભાઈ રાવલ ઉ.વ. ૨૧ને જુગાર સાહિત્ય સાથે રંગે હાથ ઝડપી પાડયા હતા અને જુગારમાં મુકાયેલ રૂ. ૪૮૦ અને ૨ મોબાઈલ મળી કુલ ૧૬૮૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ તમામ વિરુધ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી હાલ પો.સ.ઈ. એચ.કે. સોલંકી તપાસ ચલાવી રહ્યા છે.

જન્મદાતાઓ માટે જીવ આપી દઉં તોય ઓછું છે

સંબંધ સજાવે જિંદગી

દીકરી વ્હાલનો દરિયો

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

'સ્વરા ક્યાં છે ?' 'ટ્યુશન ગઈ છે, કેમ ?' 'તને ખાતરી છે કે એ ટ્યુશન ગઈ છે ?' 'હા, ટ્યુશન જ ગઈ છે. પણ તમે કેમ આવી રીતે પૂછો છો ? શું થયું ?' 'એ તને ખબર પડશે ત્યારે તારી હાલત પણ આવી જ થઈ જશે. તુંય સવાલો પૂછવા માંડીશ સ્વરાને.' 'પણ થયું છે શું એ તો કહો.' 'તમારી દીકરીને આજે મેં એક છોકરા જોડે જોઈ. છોકરાને ક્યાંક જોયેલો તો છે, પણ ઓળખાયો નહીં. પણ દીકરી તમારી જ હતી એ નક્કી.' 'હે ભગવાન ! ક્યાં જોઈ તમે એને ? ક્યારે ?' 'અડધો કલાક થયો હશે. મારાથી સામેના રસ્તે હતા, નહીંતર ત્યાં ને ત્યાં પકડી લેત.' 'આવવા દો આજે, એની વાત છે.'

માલાબેન અને જતીનભાઈની આ વાતચીત થયા પછી થોડીવારમાં જ સ્વરા ત્યાં આવી. કંઈપણ પૂછ્યા વિના માલાબેન એના પર તૂટી પડ્યા, શબ્દોથી અને મારથી પણ દીકરીને ઘાયલ કરી નાખી. દીકરીએ પોતાનો કોઈ બચાવ ન કર્યો. માતાના શબ્દો પરથી એ એટલું સમજી ગઈ હતી કે વાંક ક્યાંક પોતાનો જ છે. અલબત્ત, કારણ તેને કળાતું ન હતું. પિતાએ પણ થોડોક ઠપકો આપ્યો અને લાગી ગયો પ્રતિબંધ એની પ્રવૃત્તિઓ પર. એ નજરકેદ પણ એણે ચૂપચાપ સ્વીકારી લીધી. કોઈ જ ફરિયાદ ન કરી.

પંદરેક દિવસ પછી દરવાજે એક અજાણ્યો યુવાન આવીને ઊભો રહ્યો. માલાબેને પરિચય પૂછતાં એણે કહ્યું, 'પંચમ મારું નામ. હું સ્વરાની સાથે અભ્યાસ કરું છું.'

આ સાંભળતાં જ માલાબેનની ભૃકૂટિઓ તણાઈ, 'શું કામ છે એનું ?' 'એ ઘણા દિવસથી કૉલેજ નથી આવી ને ટ્યુશનમાં પણ નથી આવી એટલે હું તપાસ કરવા આવ્યો છું, એની તબિયત તો બરાબર છે ને ?' 'બધું બરાબર છે.' 'તો પછી એ કૉલેજ કે ટ્યુશન કેમ આવતી નથી ?' 'એનાથી તમને કોઈ મતલબ મિસ્ટર ?' 'હા અને ના.' 'એટલે ?' 'એટલે એમ કે એ દીકરી તમારી છે એ નાતે મારે કોઈ મતલબ નહીં, પણ અમે સારા મિત્રો છીએ અને કૉલેજના છેલ્લા વર્ષમાં એ આમ દિવસો બગાડે એ એક મિત્ર તરીકે મારે મતલબમાં લેવા જેવી વાત ખરી.'

'ધન્યવાદ તમારો, તમે હવે જઈ શકો છો.' પંચમને આ જવાબની આશા ન હતી. છતાં એ ચૂપચાપ ત્યાંથી ચાલ્યો ગયો.

સાંજે જતીનભાઈ ઘરે આવ્યા ત્યારે એમનું વદન ભારે હતું. 'સ્વરા ક્યાં છે ?' એવું એમણે પૂછ્યું ને માલાબેનના ધબકારા વધી ગયા. 'એ ઘરમાં જ છે. કેમ ? શું થયું ?' 'બોલાવ.' માલાબેને ધડકતા હૈયે સ્વરાને બોલાવી.

સ્વરા નીચા વદને પિતાને સામે આવીને ઊભી રહી. જતીનભાઈ પણ એની સામે ન જોઈ શક્યા. એમની આંખોમાં આંસૂ ધસી આવ્યા. 'આઈ ઍમ સૉરી, બેટા' એટલું બોલતાં એ દીકરીને વળગી પડ્યા ને નાના છોકરાની માફક રડવા લાગ્યા. સ્વરાને આખી વાતમાં કંઈ સમજ જ ના પડી. એણે પપ્પાને શાંત પાડ્યા, પણ શું થયું એ ન પૂછ્યું.

પણ માલાબેને પૂછ્યું ત્યારે જતીનભાઈએ સમજ પાડી કે પંચમ એમને મળવા પણ આવ્યો હતો અને સ્વરા કેમ કૉલેજ કે ટ્યુશન નથી આવતી એવા સવાલો એમને પૂછતો હતો. એની સાથે વાત કરતાં જતીનભાઈને અચાનક સૂઝ્યું હતું કે આ તો એ જ છોકરો જેને પોતાની દીકરીની સાથે તે દિવસે જોયો હતો. બસ, એ તો ટૂટી પડ્યા છોકરા પર. પણ છોકરો સ્થિર રહ્યો.

જતીનભાઈનો રોષ ઊતરી ગયા પછી એ શાંતિથી એટલું જ બોલ્યો, 'ઓકે. હવે મને ખબર પડી સાચા કારણની. પણ અંકલ મારે કહેવું જોઈએ કે સાચું કારણ આ નથી. તમારી દીકરી અને મારી વચ્ચે એવો કોઈ સંબંધ નથી જેવો તમે વિચારો છો. પેટછૂટી વાત કરું તો મને તમારી દીકરી પસંદ છે અને મેં એની સામે લગ્નનો પ્રસ્તાવ પણ મૂક્યો છે. પણ મારે કહેવું જોઈએ કે તમારી દીકરીને એના મધર-ફાધરની એટલે કે તમારા લોકોની બહુ ફિકર છે. એણે મને સ્પષ્ટ કહ્યું છે કે, લગ્ન માટેનો નિર્ણય હું ક્યારેય નહીં લઉં અને આવી ગાંડીઘેલી વાતો કરવી હોય તો મારી સાથે સંબંધ પણ નહીં રાખવાનો. સાચું કહું છું અંકલ, તમારી દીકરીની એ વાત સાંભળીને તો એનું માન મારી નજરોમાં ઓર વધી ગયું. પછી મેં ક્યારેય એની સામે આવી વાત ફરીથી નથી કરી ને એ જ કારણે એણે મારી સાથે બોલચાલનો સંબંધ કાયમ રાખ્યો છે. પણ તમને એ ન ગમતું હોય ને એના કારણે સ્વરાની કેરિયર બગડતી હોય તો હું તમને વચન આપું છું કે હું ક્યારેય એને નહીં મળું કે એની સાથે કોઈ સંબંધ નહીં રાખું. પણ પ્લીઝ, એને કૉલેજ જવા દેજો એટલીસ્ટ. હું બહુ નાનો છું તમને આ વાત કહેવા માટે, પણ ટ્રસ્ટ મી. મારું પ્રોમીસ હું નહીં તોડું.'

વાત સાંભળીને માલાબેનની આંખો પણ ભીંજાઈ આવી. એમણે દીકરીના માથે સ્નેહથી હાથ ફેરવીને મારનું સાટું વાળી આપ્યું.

માતા-પિતા નિઃશબ્દ થઈ ગયા, પણ દીકરી તો જાણે કંઈ બન્યું જ ન હોય એમ વર્તી, 'ઓકે ડેડ. હું વાંચવા બેસું છું.'

'તારી બેગ ને કપડાં પણ તૈયાર કરી દેજે' સ્વરાની પીઠ પર જતીનભાઈએ સ્નેહાળ અવાજ પસવાર્યો, 'કાલથી તારે કૉલેજ જવાનું છે ને ટ્યુશન પણ. અને હા, તને લેવા-મૂકવા પંચમ આવશે. હોપ યુ ડોન્ટ માઈન્ડ !'

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૨૫

તાપમાન

મહત્તમ : ૩૧.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૭૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કૉકટેલ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
બોલ બચ્ચન : ૧૨.૩૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (અંગ્રેજી) : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦
બોલ બચ્ચન : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૪ :
ગટ્ટુ : ૧૦.૦૦
કૉકટેલ : ૧૧.૪૫, ૨.૩૦
પિકચર અભિ બાકી હૈ : ૫.૧૫
બોલ બચ્ચન : ૭.૪૫, ૧૦.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
બોલ બચ્ચન : ૯.૦૦
ગટ્ટુ : ૧૨.૦૦
કૉકટેલ : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
કૉકટેલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૩ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૦.૦૦
બોલ બચ્ચન : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૯, ૧૨, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

કૉકટેલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જો જે રંગ લાવશે આપણી પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા જયેશભાઈ દવે, ૫૫/૮, 'ચ' ટાઈપ, સે.-૨૮ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા હસમુખભાઈ રાવલ, બી-૧, બ્લોક નં.૧૫૪/૧૧, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા ભગવતીબેન, બ્લોક નં. ૬૦૦/૧, સે.-૭, ના નિવાસ સ્થાને સ્તૃતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૬, ગાંધીનગર દ્વારા દિવ્યેશ એચ. શાસ્ત્રી, બ્લોક નં.૧૨૬/૨, કિસાનનગર, ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી જ ચોકલેટ- પિપરમેન્ટના હિંડોળા પ્રારંભ.

આપની આજ

મેષ : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ.

વૃષભ : ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

કર્ક : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

સિંહ : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

કન્યા : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

તુલા : કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

વૃશ્ચિક : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું.

ધન : ખાનપાનની અનિયમિતતાથી બચવું. નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

મકર : શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે. રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે.

કુંભ : તમારી વ્યવહાર કુશળતાથી વેપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.

મીન : સ્નેહીજનથી મુલાકાત થઈ શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. ધાર્મિક બાબતે રુચિ વધશે. કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

ચિરવિદાય

- સ્વ.સુશીલાબેન રમેશભાઈ પટેલ (ઉ.વ. ૨૮) રાજશ્રી સિનેમા પાસેના છાપરાં, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ.મોહનભાઈ રાજાભાઈ ભરવાડ (ઉ.વ. ૯૦) ભરવાડવાસ મુ.પો. ધોળાકુવા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.રસીકલાલ છોટાલાલ દવે (ઉ.વ. ૮૭) પ્લોટ નં. ૮૪૬/૧, સેકટર- ૨/સી, ગાંધીનગર.